સમગ્ર આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૨૦૦૮
ખેતીક્ષેત્રે ટપક સિચાઇ સહાય માટેના
ધોરણ નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીકતા (આદિજાતિ વિકાસ) વિભાગ,
ઠરાવ ક્રમાંક :ટીએપી/૧૨૨૦૦૮/૭૯/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦-૬-૨૦૦૮

## ઠરાવ:-

આદિજાતિ વિસ્તારોમાં ટપક સિંચાઇ પધ્ધતિનો ઉપયોગ જોઇએ તેટલો પ્રમાણમાં થતો નથી. આ પધ્ધતિથી સિંચાઇ આદિજાતિ વિસ્તારના ખેડૂતોને પ્રમાણમાં ઘણી ખર્ચાળ જણાયછે. આદિજાતિ વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ સારૂ હોવા-છતાં ઉનાળાની સીઝનમાં પાણીની ઘણી અછત જોવા મળેછે અને ચેકડેમો તથા નાની સિંચાઇના કામો થવા છતાં પાણીના તળ ધાર્યા મુજબ ઉંચા આવી શકેલ નથી . આવી પરિસ્થિતિમાં આદિજાતિ વિસ્તારમાં ઉપલબ્ધ પાણીના જથ્થાનો કરકસર યુક્ત ઉપયોગ કરીને આદિજાતિ વિસ્તારોના ખેડૂત વર્ગ દ્વારા વ્યાપક પ્રમાણમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવામાં આવેતો પાણીની બચત પણ થાય અને વધુ ઉત્પાદન ઓછા ખર્ચે મેળવી શકાય . પરંપરાગત પદ્ધતિ કરતાં ટપક પધ્ધતિ ૬૦ ટકાથી વધારે પ્રમાણમાં પાણીનો વ્યય થતો અટકાવે છે. આ પધ્ધતિથી સિંચાઇ કરવાથી આદિજાતિ વિસ્તારના ખેડૂતોને વધુ ઉપજ તેમજ આર્થિક લાભ થાય છે. આ હકીકતને ધ્યાનમાં લઇ આદિજાતિ વિસ્તારોમા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિ. દ્વારા ટપક સિંચાઇ પધ્ધતિની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ કુલ કિંમતના ૫૦ ટકા અથવા રૂ. ૫૦,૦૦૦ બે માંથી જે ઓછી હોઇ તેટલી રકમની સહાય જીજીઆરસી દ્વારા અને બાકીની રકમની સહાય આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓના ફંડમાંથી જરૂરી રકમ જીજીઆરસીના હવાલે મૂકી મંજૂર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

આ બાબતે પુખ્ત વિચારણાના અંતે સમગ્ર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના વિસ્તારોમાં ખેતીક્ષેત્રે ટપક સિચાઇ પદ્ધતિથી અમલ કરવા માંગતાં આદિજાતિના ખેડૂતોને સહાય આપવા આ યોજનાનો અમલ જીજીઆરસી દ્વારા કરવાનું નકકી કરવામાં આવેલ છે.

(૧) અને આ યોજના અંતગર્ત વ્યકિતગત મળવાપાત્ર સહાયની કુલ કિંમતના ૫૦ ટકા અથવા ૫૦,૦૦૦ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની સહાય જીજીઆરસી દ્વારા આપવામાં આવશે.

૨.

(૧) આ યોજનામાં કૂલ ખર્ચના ૫૦ ટકા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીનો ફાળો . ૨૫ ટકા રકમ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની નાની સિંચાઇ માટેની કોઇ પણ યોજનામાંથી ફાળો અને ૨૫ ટકા લોન કોમ્પોનન્ટ તરીકે ગણી આ યોજનાનું અમલીકરણ કરવાનું રહશે. ૨૫ ટકા લોન લાભાર્થી ખેડૂતે પરત ભરવાની રહશે. આદિજાતિ વિકાસ વિભાગ તરફથી મળનાર સહાયની રકમ જીજીઆરસી સાથે વાર્ષિક કાર્યક્રમ તૈયાર કર્યા પછી સબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી તરફ થી સીધા જીજીઆરસીને આપવામાં આવશે અને કામગીરીના અમલીકરણ , નાણાકીય વ્યવહાર અને ઓડીટની જવાબદારી જીજીઆરસીની રહેશે.

(૨) લોન માટે જીજીઆરસીએ જે તે વિસ્તારની લીડ બેંક સાથે સંકલન કરવાનું રહેશે. બીજા વિકલ્પ તરીકે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા પણ ઓછા વ્યાજના દરે લોન જીજીઆરસી મારફત આપી શકાશે.

(3) ઉપરોકત સહાયના ધોરણો આદિજાતિના તમામ ખેડૂતોને લાગુ પડશે.

(૪) આ પદ્ધતિ અને ધોરણો ગુજરાત પેટર્ન ;બંધારણ ના કલમ - ૨૭૫(૧) હેઠળ ના ગ્રાંટ, ખાસ કેન્દ્રીય સહાય અને આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની વાડી અને અન્ય યોજનાઓ માટે લાગુ કરવામાં આવશે.

બાબત આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮-૫-૨૦૦૮ નોંધથી સંમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

આપની વિશ્વાસુ

( જ્યોતિ કે. પટેલ )
નાયબ સચિવ (સેવા)
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, (આ.ક.વ.પ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (આ.ક.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, આ.વિ.વિ. ના અંગત સચિવશ્રી, ગાંધીનગર .
- નાણાકીય સલાહકારશ્રી,નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી,નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી. સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦.એ. ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
- મહાલેખાકારશ્રી,રાજકોટ/અમદાવાદ.
- સીલેકટ ફાઇલ.

By Fax

સમગ્ર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ખેતીક્ષેત્રે સુક્ષ્મ પિયત પધ્ધતી અપનાવવા બાબતે

ડેવલપમેન્ટ સર્પોર્ટ એજન્સી ઓફ ગુજરાત
બ્લોક નં ૭, બીજો માળ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક વકય-2007-345-ડીસેગ
તા: 6-10-08

**વંચાણે લીધા:**

1) આ.વિ.વિ ના ઠરાવ ક્રમાંક ટીએપી/122008/79/ખ તા: 10-6-2008

**આમુખ:**

આદિજાતિ વિસ્તારમાં ઉપલબ્ધ પાણીના જથ્થાનો કરકસરયુક્ત ઉપયોગ કરીને આદિજાતિ વિસ્તારોના ખેડુત વર્ગ દ્વારા વ્યાપક પ્રમાણમાં સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવામાં આવે તો પાણીની બચત પણ થાય અને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય. ટપક સિંચાઇ પદ્ધતિના ઉપયોગ દ્વારા 60%થી વધુ પ્રમાણમાં પાણીનો બગાડ થતો અટકે છે તેમજ સદર પધ્ધતિના ઉપયોગથી આદિજાતિ વિસ્તારના ખેડુતો વધુ ઉપજ મેળવી શકે અને તેઓ આર્થિક લાભ પ્રાપ્ત કરી શકે તે આશયે વંચાણ ક્રમાંક(1)થી સમગ્ર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના વિસ્તારોમાં ખેતીક્ષેત્રે ટપક સિંચાઇ પધ્ધતિથી અમલ કરવા માંગતા આદિજાતિ ખેડુતોને સહાય આપવા અંગેની યોજના જી.જી.આર.સીના સહયોગથી અમલમાં મુકાયેલ છે. આ બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવાના હેતુથી નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**પરિપત્ર:**

1) સમગ્ર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના વિસ્તારોમાં ખેતીક્ષેત્રે ટપક સિંચાઇ પધ્ધતીથી અમલ કરવા માંગતા ખેડુતોને વ્યક્તિગત મળવાપાત્ર સહાયની કુલ કિંમતના 50% રકમ અથવા રૂા. 60,000/- બેમાંથી જે ઓછી હોય તેટલી સહાયની રકમ જી.જી.આર.સી દ્વારા આપવામાં આવશે. આમ, આયોજના હેઠળ કુલ ખર્ચના 50% રકમ જી.જી.આર.સીનો ફાળો, 25% રકમ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની નાની સિંચાઇ માટેની કોઇપણ યોજનામાંથી ફાળો તેમજ 25% રકમ લોન કોમ્પોનન્ટ તરીકે ગણી, આઇડબલ્યુએડીપી હેઠળ જ્યાં જ્યાં વાડી કાર્યક્રમનુ અમલીકરણ થયેલ છે અને વાડી પ્રોગ્રામ હવે જ્યાં શરૂ થનાર છે ત્યાં સંબંધેત પ્રાયોજના વહિવટદારશ્રીઓએ આ યોજનાનુ (એમ.આઇ.એસ) અમલીકરણ કરવાનું રહેશે.

૨) આઇ.ડબલ્યુ.એ.ડી.પી હેઠળ એમ.આઇ.એસ યોજનાના અમલીકરણ વખતે જુદા જુદા તબક્કે તમામ સહભાગીદારોની ભુમિકા નીચે મુજબ રહેશે:

**૨.૧) સ્વૈચ્છિક સંસ્થાઓની ભુમીકા:**

અ) પ્રાયોજના વહિવટદારશ્રીના પરામર્શમાં રહીને સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ માટે જે તે વિસ્તારમાં સામાજીક-વ-આર્થિક મોજણી હાથ ધરી માઇક્રો ઇરીગેશન સિસ્ટમ માટે સંભવીત અરજદારોની યાદી તૈયાર કરવાની;

બ) ખેડુતોમાં M.I.S અંગે જાગ્રુતિ કેળવવા માટેના સઘન પ્રયત્નો, ખેડુતોની મીટીંગ, ડેમોન્સ્ટ્રેશન સાઇટ પર પ્રેરણા પ્રવાસનુ આયોજન કરી એમ.આઇ.એસ માટે માગ ઉભી કરી, અરજદારોનો ડેટાબેઝ તૈયાર કરવો;

ક) પ્રાયોજના વહિવટદારશ્રીનાં પરામર્શમાં જિલ્લા કક્ષાએ જીજીઆરસીના પ્રતીનીધી, ખેડુતો અને અન્ય સહભાગીદારોની સાથે વર્કશોપનું આયોજન કરવું;

ડ) ડેટાબેઝ પૈકીના લાર્ભાથી ખેડુતોની અરજીઓ તૈયાર કરી જીજીઆરસીના સંકલનમાં રહીને નીયમાનુસાર પ્રોસેસ કરવી;

ચ) જી.જી.આર.સી તરફથી સપ્લાયરને આપવામાં આવેલ વર્ક ઓર્ડર કે જેની કોપી પ્રયોજના વહિવટદારશ્રીને મોકલવામાં આવશે તેના આધારે તૈયાર થયેલ લોન અરજીઓને નિયમોનુસાર પ્રોસેસ કરી લોનની ખરેખર રકમ, મંજુરી માટે જી.ટી,ડી.સી અથવા અન્ય બેંકો સાથે જરૂરી ફોલોઅપ કરવું;

છ) જી.જી.આર.સીના પરામર્શમાં રહીને માઇક્રો ઇરીગેશન સિસ્ટમના ઇન્સ્ટોલેશન માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવી; અને

જ) માઇક્રો ઇરીગેશન સિસ્ટમના ઇન્સ્ટોલેશન બાદ તમામ ટેકનીકલ સ્પેશીફીકેશન બાબતે સ્થળ ચકાસણી અને માઇક્રો ઇરીગેશન સિસ્ટમ બાબતે તમામ ફોલો અપ સર્પોટ પુરો પાડવાની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાએ કરવાની રહેશે.

**૨.૨) પ્રાયોજના વહિવટદારશ્રીની ભુમિકા:**

અ) આઇડબલ્યુડીએપી પ્રોજેક્ટ હેઠળ જ્યાં વાડી શરૂ થયેલ છે તેમજ શરૂ કરવામાં આવનાર છે.ત્યાં એમ. આઇ.એસ શરૂ કરવા અંગે જરૂરી આયોજન હાથ કરી આગળની કાર્યવાહી હાથ ધરવાની;

બ) જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત જી.ઇ.બી સથે સતત ફોલો-અપ કરી વીજ જોડાણ માટેના સઘન પ્રયત્નો હાથ ધરવાનાં રહેશે;

ક) સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી તૈયાર કરાવેલ લોન એપ્લીકેશન જી.જી.આર.સીને આગળની કાર્યવાહી અર્થે મોકલવાની રહેશે;

ડ) સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી મેળવેલ લાભાર્થી ખેડુતોની એમ.આઇ.એસ અરજીઓ જરૂરી સાધનિક કાગળો જેવા કે 7-12, ૮-અ ના કાગળો, ફોર્મ-16 પાણી પત્રક, જાતિનું પ્રમાણપત્ર, પ્રાયોજના વહિવટસારશ્રી/અન્ય સંબંધીત અધિકારીશ્રી દ્વારા પ્રમાણીત થયેલ ફોટો ઓળખપત્ર વિગેરે જી.ટી.ડી.સી/બેંક દ્વારા તૈયાર કરેલ કોસ્ટ ડીઝાઇન અને સર્વે સાથેની અરજી જીજીઆરસીને આગળની કાર્યવાહી અર્થે મોકલવાની રહેશે;

ચ) એમ.આઇ.એસ ઇન્સ્ટોલ થયા બાદ જી.જી.આર.સી, જી.ટી.ડી.સી/અન્ય બેંકો, સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરે તમામ સ્ટેકહોલ્ડરો સાથે માસીક સમીક્ષા કરવાની રહેશે તેમજ એક વર્ષના સમયગાળામાં સદર સીસ્ટમનો ઉપયોગ થાય છે કે કેમ? સીસ્ટમ કાર્યરત છે કે કેમ? વિગેરે તમામ બાબતોનુ 100% ઇન્સ્પેકશન કરવાનું રહેશે;

છ) એકંદરે એમઆઇએસનુ પ્રાયોજના કક્ષાએથી જરૂરી મોનીટરીંગ અને કો-ઓર્ડિનેશન કરવાનું રહેશે.

2.3) ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી.

અ) જી.જી.આર.સી.એ એમ.આઇ.એસની અરજીઓ મળ્યેથી તમામ અરજીઓ રજીસ્ટર કરી આગળની કાર્યવાહી અર્થે એમ.આઇ.એસ સપ્લાયરને મોકલવી, એમ.આઇ.એસ ઇંસ્ટોલેશન માટેનો સર્વે, અને એમ.આઇ.એસ ઇન્સ્ટોલેશન વિગેરેની કામગીરી કરવાની રહેશે.

બ) પ્રાયોજના વહિવટદારશ્રીના પરામર્શમાં રહીને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તમામ લાભાર્થીઓને માઇક્રો ઇરીગેશન સીસ્ટમ અંગેની તાલીમ જી.જી.આર.સી અને સ્વૈચ્છિક સંસ્થાએ સંયુક્ત રીતે આપવાને રહેશે.

ક) થર્ડપાર્ટી ઇન્સ્પેકશન દ્વારા લાભાર્થીના ખેતરમાં એમ.આઇ.એસ સપ્લાયર દ્વારા ઇન્ટોલેશન થયેલ છે કે કેમ તે અંગેની ચકાસણી કરાવશે.

ડ) ઇન્સ્પેક્શન પુર્ણ થયેથી એમ.આઇ.એસ સપ્લાયર પાસેથી બિલ મેળવી એમ.આઇ.એસ સપ્લાયરને બિલના રકમનું ચુકવણું કરશે./ લોન કેસમાં બિલ પ્રમાણે જે તે બેંક શાખાને બિલના રકમનું ચુકવણું કરવા ભલામણ કરશે;

ચ) નિયમિત સમ્યાંતરે ભૌતિક અને નાણાકીય પ્રગતીનો અહેવાલ અત્રે તેમજ કમિશ્નર કચેરીને રજુ કરશે.

કમિશ્નરશ્રી., આ.વિ દ્વારા સદર બાબતે જરૂરી નાણાકીય જોગવાઇ મુજબની ગ્રાન્ટ જી.જી.આર.સીને સમયસર ફાળવણી થાય અને તેનો યોગ્ય ઉપયોગ થાય તે અંગેની તકેદારી રાખશે. તેમજ સમયસર જી.જી.આર.સી પાસેથી જરૂરી હિસાબો, યુ.ટી.સી, ઓડિટ રિપોર્ટ વિગરે મેળવશે.

લાભાર્થીની દ્વારા જે એમ.આઇ.એસ સપ્લાયર પસંદ કરવામાં તે એમ.આઇ.એસ સપ્લાયરને જીજીઆરસીએ ઇન્સ્ટોલેશન માટેની કામગીરી સોંપવાની રહેશે.

પ્રાયોજના વાર એમ.આઇ.એસ હેઠળ પત્રક-1 માં સુચવ્યા પ્રમાણેના લક્ષ્યાંકો આવરી લેવાના રહેશે. પ્રાયોજના વહિવટદારશ્રીએ અને જીજીઆરસીએ પત્રક-2 માં સુચવ્યા પ્રમાણેની માહીતી બિનચુકપણે દર પંદર દિવસે કમિશ્નર કચેરી,આદિજાતિ વિકાસ અને ડી-સેગને મોકલી આપવાની રહેશે.

(એ.એમ.તીવારી)

સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી,આદિજાતિવિકાસ,બિરસામુંડા ભવન, સેકટર 10-એ, ગાંધીનગર
2. ચેરમેનશ્રી, ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કું લી., ફર્ટિલાઇઝરનગર, વડોદરા.
3. મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કું લી., ફર્ટિલાઇઝરનગર, વડોદરા.
4. એક્ઝીક્યુટિવ ડાયરેકટર, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન,ગાંધીનગર
5. પ્રાયોજના વહિવટદારશ્રી, ______________________ તમામ/- આપના પ્રાયોજના વિસ્તારમાં IWADP હેઠળ કાર્યરત તમામ સંસ્થાઓને સદર પરિપત્રની નકલ પાઠવવા તેમજ જરૂરી જાણ કરવા સારૂ.
6. સિલેક્ટ ફાઇલ

## પત્રક-1

### પ્રાયોજના વિસ્તારવાર માઇક્રો ઇરીગેશન સીસ્ટમ હેઠળ આવરી લેવાના એકરનો લક્ષ્યાંક

| ક્રમ નં | પ્રાયોજના વિસ્તારનુ નામ | લક્ષ્યાંક (એકરમાં) |
|---|---|---|
| 1 | વલસાડ | 2000 |
| 2 | વાંસદા | 1500 |
| 3 | માંડવી | 1500 |
| 4 | સોનગઢ | 1500 |
| 5 | રાજપીપળા | 1000 |
| 6 | ભરુચ | 1000 |
| 7 | છોટા ઉદેપુર | 1000 |
| 8 | ખેડબ્રહ્મા | 500 |
| 9 | પાલનપુર | 500 |
| 10 | ડાંગ | 500 |
| 11 | દાહોદ | 500 |
| 12 | પંચમહાલ | 500 |
| | કુલ | 12000 |

પત્રક-2

## માઇક્રો ઇરીગેશન સીસ્ટમ અંગેનુ પાખવાડીક મોનીટરીંગ પત્રક

| પ્રાયોજના વિસ્તારનુ નામ | લક્ષ્યાંક (એકરમા) | કુલ મળેલ અરજીઓ ની સંખ્યા | જી.જી.આર.સી ને મોકલાવેલ અરજીઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ લાખમાં) | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | જીજીઆરસી સબસીડી | આ.વિ.વિ સબસીડી | લોન/લાભાર્થીનો ફાળો | કુલ |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |